GJNV070000392026

સત્યમેવ જયતે

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૮–૦૧–૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ | : | ૦૮–૦૧–૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૦૯–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | : | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | ૦૦ | ૦૨ | ૦૧ |

**આહવાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ.આહવા(ડાંગ).**

**ફોજદારી કેસ નં. ૩૧/૨૦૨૬**

**આંક : ૧૦**

**ફરિયાદી : શ્રી સરકાર**

વિરૂધ્ધ

**આરોપી : ઉતમભાઈ માહદુભાઈ ગવળી**

ઉ.વ. ૩૮,

રહે. કોટમદર, તા. આહવા, જી. ડાંગ

---

**ગુનો :– ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબ.**

---

ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.એચ. કોકણી.
આરોપીપક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી આઈ.યુ.જાદવ

---

**–: <u>ચુ કા દો</u> :–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૨૧/૧૧/૨૦૨૫ ના કલાક ૧૪/૧૫ વાગ્યે મોજે. શામગહાન ત્રણ રસ્તા જાહેર

રોડ ઉપર પોતાના હવાલાની મો.સા. જેનો રજીસ્ટ્રેશન નંબર GJ-30-C-8183 ની પુરઝડપે અને ગફલત ભરી રીતે પોતાની તથા બીજા માનવની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી લહાનદબાસ નાકા પાસે જાહેર રોડ ઉપર પકડાઈ ગયેલ. સદર બનાવ અંગેની ફરિયાદ આ કામના ફરિયાદીએ સાપુતારા પોલીસ સ્ટેશનમાં આપેલ.

ફરિયાદીએ ઉપર મુજબની વિગતે ફરિયાદ નોંધાવતાં, સાપુતારા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૧૯૦૩૦૨૫૦૩૫૭/૨૦૨૫ હેઠળ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબનો ગુનો આરોપી વિરૂધ્ધ નોંધાયેલ. સદર ગુનો નોંધાતાં, તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધેલ, જરૂરી પંચનામું કરેલ, આરોપીને અટક કરેલ તેમજ તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા તેઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ઉપરોકત મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ.

(૨) હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૨૭ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ. આરોપી હાજર થતાં તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત ગુના સબબ **આંક–૪** થી આરોપીની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ, અને ફરિયાદપક્ષના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**–: મૌખિક પુરાવો :–**

| સાહેદ નંબર | શાહેદનું નામ/વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી સુનિલભાઈ રાજારામભાઈ ની જુબાની | ૦૫ |
| ૨ | પંચ સાહેદ હીરાલાલભાઈ સુરેશભાઈ દેશમુખની જુબાની | ૦૭ |
| ૩ | પંચ સાહેદ રાજેશભાઈ દેવરામભાઈ જગતાપની જુબાની | ૦૯ |

## -: દસ્તાવેજી પુરાવો :-

| અનુક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૦૮ |
| ૨ | અસલ ફરીયાદ | ૦૬ |

(૩) ત્યારબાદ, ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થતાં બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબનું આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે તારીખ નીયત કરવામા આવેલી પરંતુ આ કામના આરોપી નીયત તારીખે નામ. કોર્ટ સમક્ષ હાજર રહેલા નહી જેથી જણાઈ આવે છે કે તેઓ વિશેષ નિવેદન નોંધાવવા માંગતા નહી જેથી આગળની કાર્યવાહી કરવામાં આવેલ.

(૪) ત્યારબાદ, સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ.

(૫) કેસની હકીકત તેમજ દલીલો ધ્યાને લેતા, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એવું પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૨૧/૧૧/૨૦૨૫ ના કલાક ૧૪/૧૫ વાગ્યે મોજે. શામગહાન ત્રણ રસ્તા જાહેર રોડ ઉપર પોતાના હવાલાની મો.સા. જેનો રજીસ્ટ્રેશન નંબર **GJ-30-C-8183** ની પુરઝડપે અને ગફલત ભરી રીતે પોતાની તથા બીજા માનવની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી લહાનદબાસ નાકા પાસે જાહેર રોડ ઉપર પકડાઈ જઈ, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં. ૧ :-**

(૭) અત્રે મુદ્દા નં.૧ ની ચર્ચા કરતા અગાઉ એક હકીકતની ન્યાયીક નોંધ લેવી આ તબકકે ન્યાયોચિત માનું છું કે, ફોજદારી નીતિ શાસ્ત્રમાં એવું જણાવવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે અને નિર્ણાયકપણે પુરવાર કરવાનો રહે છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની રહેતી નથી, આરોપીએ તો માત્ર પોતાને મળતો શંકાનો લાભ અપાવવા સારુ વ્યાજબી શંકા પરત્વે અંગુલી નિર્દેશ માત્ર કરવાનો રહે છે. આમ, ન્યાય પિપાશાની ઉપરોકત પરિસ્થિતિને ધ્યાનમાં લઈ હવે મારા નિર્ણય પરત્વેના કારણોની ચર્ચા હાથ ધરવામાં આવે છે.

(૮) આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક-૦૭ થી પંચ સાહેદ હીરાલાલ સુરેશભાઈ દેશમુખને તેમજ આંક-૦૯ થી પંચ સાહેદ રાજેશભાઈ દેવરામભાઈ જગતાપને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ આ કામે આંક-૦૮ થી રજૂ થયેલ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ છે. સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ તૈયાર પંચનામા ઉપર સહી કરેલાનુ, તે સિવાય કશુ જાણતા ન હોવાનુ તેવું કોર્ટ સમક્ષની જુબાનીમાં સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, સદર પંચ સાહેદો ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરી હકીકતને કોર્ટ સમક્ષ દોહરાવતા ન હોય, ફકત સહી કર્યા સિવાયની કોઈ જ હકીકત જણાવતા ન હોય, તેઓની જુબાની આરોપી સામેનું તહોમત પુરવાર કરવા મદદરૂપ નિવડે તેમ નથી.

(૯) આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૦૫ થી ફરિયાદી એ. એસ. આઈ. સુનિલભાઈ રાજારામભાઈ ને તપાસવામાં આવેલા છે. તેઓ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૧.૧૧.૨૦૨૫ ના રોજ તેઓ તથા પંચોના માણસો સાથે શામગહાન ત્રણ રસ્તા ઉપર વાહન ચેકીંગની કામગીરી કરતા હતા તે દરમિયાન જાખાના તરફથી એક ઈસમ પોતાના હવાલાની મોટર સાયકલ પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા તેને હાથ વડે ઉભા રહેવાનો ઈશારો કરતા તેને પોતાની મો.સા. દુર જઈ ઉભી રાખતા તેનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ ઉતમભાઈ મહાદુભાઈ ગવળી હોવાનુ જણાવેલ. જેથી, તે અંગેનુ વિગતવારનુ પં ચનામુ કરી, આરોપીને નામ.કોર્ટમાંથી સમન્સ મળ્યે હાજર રહેવાની નોટીસ આપી મુકત કરેલ અને સદર ગુનાની ફરિયાદ સાહેદે આપેલ. જે ફરિયાદમાં સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ. જે આ કામે આંક–૦૬ થી રજૂ થયેલ છે. સદર ગુનાની ફરીયાદ નોંધી આગળની તપાસ તેઓને મળતા તેઓએ તપાસ સંભાળી લીધેલ અને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોય આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે.

સદર ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ થયેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળુ સ્થળ એ જાહેર રસ્તો છે તેની ઉપર વાહનોની અને લોકોની સતત અવર જવર રહે છે. આરોપીને રોકેલ તે સમયે તેના પહેલા આરોપી દવારા કોઈ અકસ્માત કરેલ હોય કે મોટર વ્હીકલ કાયદાનો ભંગ કરેલ હોય તેવુ બેનલ નથી. ફરીયાદમા બં પંચોના નામઠામ જણાવેલ નથી. આ કામે ફરીયાદી અને તપાસ કરતા અમલદાર હુ જ છુ. ગુનામા સંડોવાયેલ વાહનના દસ્તાવેજી કાગળો મે તપાસના કામે સામેલ રાખેલ નથી.

(૧૦) આમ, આ કામે રજૂ થયેલ ઉપરોકત પુરાવાકિય મૂલ્યાંકન કરતા, આ કામે ફરિયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ પંચ સાહેદે ગુનાવાળી જગ્યાના

પંચનામાને સમર્થન કરેલ નહી, અને ફકત સહી કર્યા સિવાયની કોઈ જ હકીકત જણાવતા નથી તેમજ આ કામના આરોપી ગુનાવાળી જગ્યાએ પોતાના હવાલાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારતા હોય, તેવી કોઈ જ હકીકત જણાવતા ન હોય, જેથી ફરિયાદપક્ષ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને પુરવાર કરવામાં સફળ થયેલાનું માની શકાય નહી. વધુમાં આ કામે ફરિયાદપક્ષ ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી, કે કોર્ટ સમક્ષ જુબાની થયેલ નથી, કે અન્ય કોઈ સાહેદોનો પુરાવો પણ રજૂ રાખેલ નથી. વધુમાં આ કામે ફકત ફરિયાદી પોલીસ સાહેદે તેઓની જુબાનીમાં પોતાની ફરિયાદને અનુરૂપ પુરાવો પુરો પાડેલ છે. પરંતુ તેઓ પોલીસ સાહેદ હોય, અને પોલીસ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડે તે સ્વાભાવિક છે. આમ, ફરિયાદી પોલીસ સાહેદની જુબાનીને પંચ સાહેદોની જુબાની થકી સમર્થન મળતુ ન હોય, કે કોઈ સ્વતંત્ર સાહેદોનું પણ સમર્થન મળતુ ન હોય, ફકત ફરિયાદી પોલીસ સાહેદની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૨૧/૧૧/૨૦૨૫ ના કલાક ૧૪/૧૫ વાગ્યે મોજે. શામગહાન ત્રણ રસ્તા રોડ ઉપર પોતાના હવાલાની મો.સા. રજીસ્ટ્રેશન નંબર GJ-30-C-8183 ની પુરઝડપે અને ગફલત ભરી રીતે પોતાની તથા બીજા માનવની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી લહાનદબાસ નાકા પાસે જાહેર રોડ ઉપર પકડાઈ ગયેલ હોય. આમ, ફરિયાદપક્ષ આ કામના આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **ઉતમભાઈ માહદુભાઈ ગવળી,** રહે. કોટમદર, તા. આહવા, જી.

ડાંગનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૮૧(૧) મુજબ આરોપીના આગલા જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૦૯ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ આહવા મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

આહવા.
તા. ૦૯–૦૩–૨૦૨૬

**(વાય. પી. યાદવ)**
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,આહવા.
જજ કોડ નં.જી.જે.૦૧૭૨૯

(વી.એમ.જીકાદરા, આસિસ્ટન્ટ)